**પુનના International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| HALF YEARLY EXAMINATION (2020 - 21) | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name: | | Grade | V | Roll No. | |
| Date: | 12/09/2020 (Saturday) | Time | 3 hrs. | Subject | GUJARATI |
| Teacher's Sign. | | | | Total marks | 80 |

## SECTION: A READING

પ્રશ્ન 1 ( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 10 માર્ક્સ

સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદુ:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

પ્રશ્નો 1 ) સૌથી શ્રેષ્ઠ મિત્ર કોણ છે ?

2) પુસ્તકો આપણને શેનું પ્રોત્સાહન આપે છે ?

3) મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાંથી શેની પ્રેરણા મળે છે ?

4) પુસ્તકો વાંચવાથી આપણામાં કેવાં ગુણોનો વિકાસ થાય છે ?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્રશ્ન 1 ( બ ) નીચેનો ફકરો વાચીં સુંદર અક્ષરથી લખો. 10 માર્ક્સ

શિયાળામાં દિવસ ટૂંકા અને રાત લાંબી હોય છે. સૂર્યોદય મોડો હોય છે. પરંતુ વહેલાં ઊઠવાની મજા આવે છે. વહેલી સવારે આકાશમાં ટમટમતા તારલા જોવા મળે છે. સવારનો મંદ મંદ વાતો પવન ઠંડીમાં વધારો કરે છે. પક્ષી ઠંડીથી બચવા માળામાં લપાઇ રહે છે. ગામડામાં ખેડૂતો વહેલી સવારે ઊઠી, તૈયાર થઇ ખેતરે જાય છે. તેમના બળદોની ડોકે બાંધેલા ઘૂઘરાનો રણકાર વાતાવરણને જીવંત બનાવે છે. વલોણાના ઘેરા નાદથી તેમજ ઘંટીઓના મધુર અવાજથી ગામનું વાતાવરણ સંગીતમય બની જાય છે. કૂકડો ‘ કૂકડે....કૂક’ નો સાદ કરી પ્રભાતનું સ્વાગત કરે છે. ધીમે ધીમે આકાશ અને ધરતી પર સૂર્યોદયની લાલી પ્રસરવા લાગે છે. પંખીઓ કલશોર કરીને પ્રભાતનું સ્વાગત કરે છે. કેટલાક લોકો તાપણાની આસપાસ ગોઠવાઇ ટાઢ ઉડાડતા નજરે પડે છે.

શિયાળાની સવાર શહેરના જનજીવન પર પણ અસર કરે છે. રસ્તા પર કેટલાક લોકો ‘મોર્નિંગ વોક‘ કરતા નજરે પડે છે. કેટલાક નવયુવાનો ખુલ્લા મેદાનમાં કસરત કરતા જોવા મળે છે. સવારના પહોરમાં

છાપનાં ફેરીયા, દૂધવાળા, વિધ્યાર્થીઓ, કારીગરોની દોડધામ જોવા મળે છે. જોકે ઘણા લોકોને સવારે હૂંફાળી પથારી છોડવી ગમતી નથી. તેઓ મોડે સુધી પથારીમાં સૂઇ રહી સવારનો મૂલ્યવાન સમય ગુમાવે છે.

## SECTION : B   WRITTING

પ્રશ્ન 2 ( અ )  નીચેના વિશે નિબંધ લખો.  [ કોઈપણ એક ]  [ 10 MARKS ]

1) પોતાનો પરીચય દસ વાક્યોમાં લખો    2) મારો પ્રિય મિત્ર

પ્રશ્ન 2 ( બ )  નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.  [ 10 MARKS ]

અક્બરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી - બોધ.

## SECTION : C   GRAMMER

પ્રશ્ન 3 ( અ )  નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.  [ 5 MARKS ]

1) સવાર   2) દુનિયા   3) રોજ

4) તડકો   5) જંગલ

પ્રશ્ન 3 ( બ )  નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.  [ 5 MARKS ]

1) ધરતી   2) તડકો   3) નાના

4) સુંદર   5) સુખ

પ્રશ્ન 3 ( ક )  નીચેના શબ્દોનો વાક્યોમાં પ્રયોગ કરો.  [ 5 MARKS ]

1) વનરાજ   2) મદદ   3) જંગલ

4) પંખી   5) ફૂલ

પ્રશ્ન 3 ( ડ )  નીચેના શબ્દોમાં ખૂટતો અક્ષર કૌંસમાંથી પસંદ કરીને લખો.  [ 5 MARKS ]

1) શ___ ર  ( ડી, રી, ટી )   2) ___પકાર ( ચ, ઉ, મ )

3) જંગ____  ( ળ, લ, ર )   4) જ__  ( મે, ટી, ઉ )

5) __ મે  ( ગ, લ, ળ )

# <u>SECTION : D</u> LITRATURE

પ્રશ્ન 4 ( અ ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. **[ 8 MARKS ]**

1) સિંહ ક્યાં રહેતો હતો ?
2) સિંહનાં શરીર ઉપર કોણ દોડાદોડી કરતો હતો ?
3) સિંહને કોણે બચાવ્યો ?
4) પરોઢિયે પંખી કોના મીઠા ગાન ગાય છે ?
5) કાર્તિકેય અને ગણેશ કોના દીકરા હતા ?
6) નાના મોટા તારા કોની આસપાસ રમે છે ?
7) સૂરજનો તડકો કઈ ઋતુમાં વધારે ગમે છે ?
8) છોટા જાદુગર ઠીંગુને શું બનાવી શકે છે ?

પ્રશ્ન 4 ( બ ) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો. ( કોઇ પણ છ ) **[ 12 MARKS ]**

1) ગણેશ અને કાર્તિકેયમાં કોની -બુદ્ધિ અજબ લાગી ? કેવી રીતે ?
2) ગણેશજીએ અડસઠ તીર્થ કોને માન્યા ?
3) છોટા જાદુગર શું કરી શકે છે ?
4) રીંછનું પૂંછડુ કેમ કરતા તૂટી ગયુ ?
5) ચોર કોના ઘરે ચોરી કરવા ગયો ? એનું શું પરીણામ આવ્યુ ?
6) વાઘ કોના મારથી બચવા શેમાં ભળી ગયો ?
7) સિહ કેમ જંગલ છોડીને જતો રહ્યો ?